૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૨૨૨૮ (સંયુક્ત નિયામક)
૨૩૨૫૨૨૨૮ (હિસાબી અધિકારી)
૨૩૨૫૫૮૬૪ (પી વી યુ)
ફેક્સ નં (૦૭૯) ૨૩૨૫૮૩૫૦

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,

ગુજરાત રાજ્ય
વિત્ત અને લેખા ભવન, બ્લોક નં ૧૭,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦
E mail address: ao2pvu-dat-gnr@gujarat.gov.in

નં. હિતિનિ/PVU/ફા.નં.૫૧/૨૦૨૦/30 તા.૨૪/૦૧/૨૦૨૦

પ્રતિ,

નાયબ સચિવશ્રી,

........................................ (સંબંધિત વિભાગ),

સચિવાલય, ગાંધીનગર.

**વિષય:** એકાકી જગ્યાઓ તથા અન્ય જગ્યાઓ કે જેમાં અનુસૂચિ-૧ મુજબ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય તેવા કેસોમાં ખાતાકીય પરીક્ષા પાસ કરવા બાબત.

**સંદર્ભ:** નાણા વિભાગના તા.૬-૦૧-૨૦૨૦ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૯-યુ.ઓ.-૨૮૫-મ.

શ્રીમાન,

ઉપરોક્ત વિષયે સરકારશ્રી નાણા વિભાગના સંદર્ભમાં દર્શાવેલ પત્રથી "એકથી વધુ પૂરક જગ્યાઓ પરાવતી બઢતીની જગ્યાના કેસમાં અનુસૂચિ-૧ મુજબ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થતું હોવા છતાં, નિયત થયેલ બઢતીની ખાતાકીય પરીક્ષા પાસ કરવી ફરજિયાત છે; તે જ રીતે તા.૧-૦૬-૮૭ના રોજ જગ્યા એકાકી સવર્ગની હોય, પરંતુ ત્યારબાદ બઢતીની જગ્યા ઉભી કરવામાં આવી હોય તો, બઢતી માટે નિયત થયેલ ખાતાકીય પરીક્ષા પાસ કરવી ફરજિયાત છે. કારણ કે, બઢતીની તમામ શરતો સંતોષાતી હોય તો જ બઢતી માટે વિચારણા કરવાની થાય છે તે જ પ્રમાણે બઢતીની તમામ શરતો સંતોષાતી હોય તો જ ઉચ્ચતર પગાર ધોરણ માટે વિચારણા કરવાની થાય છે." તેવી સ્પષ્ટતા થયેલ છે. નાણા વિભાગના તા.૬-૦૧-૨૦ના પત્રની નકલ સામેલ છે.

ઉપરોક્ત સ્પષ્ટતા ધ્યાને લઈને, નાણા વિભાગના વખતોવખતના ઠરાવ સાથે સામેલ અનુસૂચિ-૧ મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થતું હોય તેવી તમામ જગ્યાઓના કેસોમાં જો બઢતીની પરીક્ષા નિયત થયેલ હોય તો બઢતીની પરીક્ષા પાસ કરવી ફરજિયાત છે તે મુજબની સૂચના તથા તે પ્રમાણે સંબંધિત કચેરી દ્વારા ઉચ્ચતર પગાર ધોરણ મંજુર થાય તે અંગેની સૂચના આપની તાબાની કચેરીને પરિપત્રિત કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(સહી)

નિયામક

બિડાણ: ઉપર મુજબ.

નકલ સવિનય રવાના પ્રતિ,

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, ............ (તમામ) તરફ જરૂરી કાર્યવાહી સારૂ.

(૨) હિસાબી અધિકારીશ્રી/કર્મચારીશ્રી, હિ.તિ.નિ., કચેરી, પગાર ચકાસણી એકમ, ગાંધીનગર તરફ જરૂરી કાર્યવાહી સારૂ.

Scanned by CamScanner